## ચૂંટણી ચોતરેથી

● ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ મોડી સાંજે કમલમ દોડી આવ્યા હતા.

● સુરતમાં વિપુલ મેંદપરાના ઘર પાસે ભારે ભીડ સલામતી દળો ગોઠવાયા.

● સુરેન્દ્રનગરના ભાજપના અગ્રણી શ્યામજી ચૌહાણને ટીકીટ નહીં અપાય તો બળવાના એંધાણ

● આમ આદમી પાર્ટીએ ગુજરાતના વધુ દસ ઉમેદવારોની જાહેરાત કરી.

● જ્યોતિદિત્ય સિંધિયા ગુજરાતના ચૂંટણી પ્રવાસે.

● ગાંધીનગરના માણસા ખાતે ૧૮મીએ પાસની વિશાળ જાહેરસભા.

● પોરબંદરમાં રાજયના વરિષ્ઠ મંત્રી બાબુભાઈ બોખિરિયાના ધર્મપત્નિ જયોતિબેન બોખિરિયાએ ડમી ઉમેદવાર તરીકે ફોર્મ ભર્યું.

● કોંગ્રેસના વરિષ્ઠ આગેવાન અર્જુન મોઢવાડિયા ૨૦મી પોરબંદરના સુદામા ચોક ખાતે જાહેરસભા યોજી ઉમેદવારીપત્રક ભરવા જશે.

● જેડીયુના ધારાસભ્ય છોટુભાઈ વસાવાના નેતૃત્વમાં અલગ અલગ પક્ષો મળીને રાજયમાં ૧૫૦થી વધુ ઉમેદવારોને ચૂંટણી લડાવશે.

● એનસીપી અને કોંગ્રેસ વચ્ચે બેઠકોની સમજુતી માટે મંત્રણાઓનો દોર ચાલુ છે.

● પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દિલ્હી ન જતાં અમિત શાહ ગુજરાત દોડી આવ્યા.

# હાર્દિકની સીડીકાંડ મામલે ભાજપ-પાસ આમને-સામને

ગાંધીનગર,તા.૧૬

પાસના કન્વીનર હાર્દિક પટેલની સેક્સ સીડી જાહેર થયા બાદ રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. પાસના કન્વીનરો અને કોંગ્રેસ તરફથી આ સીડી માટે સતત ભાજપને દોષ આપવામાં આવી રહ્યો છે. આજે પાસની કન્વીનર દિનેશ બાંભણિયાએ પ્રેસ કોન્ફરન્સ કરી હતી, જેમાં તેમણે ભાજપ પર પ્રહારો કર્યા છે.

દિનેશ બાંભણિયાએ હાર્દિકની સીડી માટે ભાજપ પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, હાર્દિકની સીડી એક ષડયંત્ર છે. આ સાજિશ પાછળ ૪૦ કરોડનો સોદો થયો છે. ભાવનગરના એક ફાર્મ હાઉસમાં આ સોદો નક્કી થયો હતો.

વધુમાં તેમણે કહ્યું હતું કે, આ સીડી ભારતની બહાર બનાવવામાં




આવી છે. આ પ્રકારની કુલ ૫૨ સીડીઓ બનાવવામાં આવી છે, જેમાંથી ૨૨ સીડીઓ હાર્દિકની બનાવવામાં આવી છે. આ સીડી બનાવવા પાછળ બિમલ પટેલ અને વિમલ પટેલનો પણ હાથ છે. આ બંને સુરતના છે અને ભાજપ સાથે મળેલા છે. યુવતી સાથે પણ ૫૦ લાખનું એગ્રીમેન્ટ કરવામાં આવ્યું છે.

બાંભણિયાએ જીતુ વાઘાણી પર આરોપ લગાવતાં જણાવ્યું હતું કે, 'જીતુ વાઘાણીના કહેવાથી હાર્દિકની આ ખોટી સીડી બનાવવામાં આવી છે. આ સીડી બનાવવા પાછળ પોલીસનો પણ હાથ છે. જેમાં ૨ૐ, ૧ જીઁ અને ૧ છઝઁ સામેલ છે. હવે અમને ગુજરાત પોલીસ પર ભરોસો રહ્યો નથી.'

તેમણે વિપુલ પટેલ પર આરોપ લગાવતાં કહ્યું હતું કે, 'વિપુલ પટેલના એકાઉન્ટમાં બિમલ પટેલ તરફથી પૈસાની લેવડદેવડ કરવામાં આવી છે. વિપુલ પટેલ સાચો હોય તો તેને પોલીસ સુરક્ષા શા માટે આપવામાં આવી છે?' પાસના વધુ એક કન્વીનરે કહ્યું હતું કે, 'અમે આ મામલે કાયદાકીય સલાહ લઈ રહ્યા છીએ. આ સીડી મોર્ફ કરીને બનાવવામાં આવી છે. અમારી પાસે બધા પુરાવા છે અને તે પુરાવા અમે જરૂર પડ્યે કોર્ટમાં રજૂ કરીશું.'

પાટીદાર અનામત આંદોલન સમિતિના આરોપો પર જવાબ આપતાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, પૈસાની



વહેંચણી મામલે બબાલ થતાં આ કૃત્ય બહાર આવ્યા છે. જો સાચા હોવ તો ફરિયાદ કેમ નથી કરી? કોંગ્રેસના નેતાઓની સલાહ કેમ નથી લેતાં? ગુજરાતનું નૈતિક ધોરણ ઘણું જ ઉચુ છે. દરેકે તેનાં વ્યક્તિગત જીવનને વ્યક્તિગત રાખવું જોઈએ.

ચૂંટણીમાં દરેક પક્ષ પોતાના નેતાઓ લાવતા હોય છે. દરેક પક્ષ પોતાનું સંયમ જાળવતા હોય છે. પરંતુ છેલ્લા ચાર દિવસ થી જે સિડી આવી છે. તેના પરિણામે સમગ્ર ગુજરાત સ્તબ્ધ થઈ ગયું છે. આવી વાત ગુજરાત માં કહી ન શકાય. ગાંધી અને સરદાર ના ગુજરાત માં આવા પ્રકાર ના બનાવો સામે આવે છે.


આ પ્રકાર ના બનાવમાં જે વ્યક્તિ સામીલ હતા તેમને પોતાનું જાહેર જીવન છોડી દેવું જોઈ તું હતું. અથવા કાયદાકીય પ્રકિયા અથવા માફી માગવી જોઈતી હતી. પરંતુ કોંગ્રેસ અને કેટલાક લોકો આ પ્રકાર ની કલનકીટ ઘટનાનો બચાવ કરે છે. લાજવા ને બદલે હવે એ લોકો ગાજવાનો પ્રયાસ કરે છે. આ પ્રકારનો બનાવ સમગ્ર ગુજરાત અને પાટીદાર સમાજ માટે દુઃખદ છે. કોંગ્રેસના નેતાઓ નિમ્ન કક્ષાનો પ્રયત્ન કરી આવા લોકો નો બચકવ કરવામાં આવે છે. સરદાર પટેલ સાથે આ ને સરખાવી રહેલા કોંગ્રેસ ના નેતા પણ હજુ કઈ માફી નથી માંગી. મુખ્ય મંત્રી અને પ્રદેશ પ્રમુખ ઉપર જે આક્ષેપ થયા છે તે માલે અમે કાયદાકીય સલાહ લઈ કાર્યવાહી કરીશું. અનામત મૂળ જયારે કોંગ્રેસ ના વિધવન નેતાની સલાહ લેતા હોય તો કેમ સિડી મામલે કેમ કાયદાકીય સલાહ લેતા નથી. કોંગ્રેસ દ્વારા જે પૈસા આપવામાં આવ્યા અને જે પૈસાની વહેંચણી માટે જે જગડા થયા તેની પણ અમારી સામે વાત આવી રહી છે.

# ભાજપ હવે રાષ્ટ્રવાદ પર ચૂંટણી લડવાની વાત કરે છે : સચીન પાયલોટ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં સુરત આવેલા કોંગ્રસના યુવા નેતા સચીન પાયલોટે ગુજરાતમાં વિકાસનો મુદ્દો પોકળ સાબિત થયો હોવાથી ભાજપ હવે રાષ્ટ્રવાદ અને ધર્મના નામે ચુંટણી લડવા માગે છે તેવો આક્ષેપ કર્યો હતો.

તેમણે કહ્યું હતું કે, ગુજરાત વિકાસના મુદ્દે દેશના અન્ય રાજ્યો કરતાં ઘણું પાછળ છે તેવા આંકડાઓ છે તેથી સરકાર વિકાસના મુદ્દે ચૂંટણી લડવાની વાત કરતી નથી. તેઓએ ગુજરાતમા આંદોલનને હિંસક બનાવવાનું કામ સરકારે કર્યુ હોવાનો પણ આક્ષેપ કર્યો હતો.

સુરત ખાતેની પત્રકાર પરિષદમાં તેઓએ ભાજપ દ્વારા મુકાતા ગુજરાતના વિકાસના આંકડાને પોકળ ગણાવતા કહ્યું હતું, સુરત એક મોટું શહેર અને



મહત્વપુર્ણ કેન્દ્ર છે જેમાં થોડાં સમય પહેલાં આર્થિક મંદી બાદ નોટ બંધી અને જીએસટી આવ્યું જેનાથી વેપારીઓને નુંકસાન થયું છે. માત્ર સુરતમાં જ ૨૫ હજાર લોકો બેરોજગાર થયાં છે ભાજપે જે વાયદા આપ્યા તેના માટે ભાજપે શ્વેતપત્ર જાહેર કરવું જોઈએ.

રાહુલ ગાંધીને ગુજરાતમાં જે સફળતા મળી રહી છે તેના કારણે ભાજપના નેતાઓ બોખલાઈ ગયાં છે.

રાહુલ ગાંધીના નિવેદનનો જવાબ આપવા આજે દોઢ ડઝન કેન્દ્રના નેતાઓ બહાર આવી રહ્યાં છે. ગુજરાતના મુખ્યમંત્રી રાષ્ટ્રવાદ પર ચૂટંણીની વાત કરે છે તેથી ભાજપ વિકાસના મુદ્દા પર ચૂંટણી લડવા માગતી નથી. ભાજપ પોતાની નિષ્ફળતા ધર્મ અને રાષ્ટ્રવાદના નામે છુપાવવાનો પ્રયાસ કરી રહી છે.

ગુજરાતના વિકાસના ચૂટંણી મુદ્દા અંગે તેઓએ કહ્યં કે ગુજરાત મોડલની વાત તદ્દન ખોટી છે ગુજરાત અનેક મુદ્દાઓમાં દેશના અનેક રાજ્યોમાં પાછળ છે પણ પ્રચાર એવો થાય છે અહી સ્વર્ગ છે. ભાજપની સરકાર કેન્દ્ર અને રાજ્યમાં હોવા છતાં જનતા કોંગ્રેસને પસંદ કરી રહી છે કોંગ્રેસ બધાને સાથે લઈને ચાલવાની વાત કરે છે. ૧૮ ડિસેમ્બરે જ્યારે મતગણના થશે ત્યારે ભારે બહુમત કોગ્રસના તરફેણમાં આવશે તેમાં કોઈ બેમત નથી.

ગુજરાતમાં છેલ્લા બે દસકાથી ગુજરાતમા ભાજપ શાસન કરે છે પરંતુ અર્થવ્યવસ્થા તથા સમાજ વ્યવસ્થામાં અસંતુલન થયું છે તેના માટે ભાજપ સરકાર જવાબદાર છે. અલગ- અલગ સમાજ સરકાર સાથે વાટાઘાટ કરવા માગતો હતો પરંતુ સરકારે વાટાઘાટ કરવાના બદલે લોકોના વિરોધને લાઠી અને ગોળીથી કુચળવાનું કામ કર્યું તેનાથી લોકોમાં ભારે અસંતોષ પેદા થયો છે. અનામત અંગે તેઓએ કહ્યું હતું કે સંવિધાનની મર્યાદામાં અનામતની આપવામાં આવશે.

## હાર્દિક પટેલની સેક્સ સીડી કાંડ બાદ પાટીદાર સમાજ બે ભાગમાં વહેંચાયો?

પાસના નેતા હાર્દિક પટેલના કથિત સેક્સ વીડિયોના પાટીદાર સમાજમાં મિશ્ર રીતે ઘેરા પ્રત્યાઘાત પડી રહ્યા છે. રાણીપ વિસ્તારમાં પાટીદાર મહિલાઓની ઉપસ્થિતિમાં પાસ દ્વારા મંગળવારે રાત્રે ભાજપનું



પૂતળા દહન કરાયું હતું. તો સોશિયલ મીડિયામાં પાટીદાર જેવા ગૌરવશાળી ગણાતા સમાજનો નેતા અનામત આંદોલનની આડમાં આવા કૃત્ય કરે તો ચલાવી લેવાય નહીં તેવી લાગણી પણ વહેતી થઈ હતી. આંદોલન વખતે મહિલાઓના સન્માનને આંચ આવશે તો હું રિવોલ્વર લઈને આવીશ તેમ કહેતો હાર્દિક આવી વીડિયો બહાર આવે પછી સમાજને ઢાલ બનાવે તો કેટલું યોગ્ય ગણાય તેવો સૂર પણ વ્યકત થઈ રહ્યો છે.

હાર્દિકના એક પછી એક અલગ અલગ યુવતી સાથેના વીડિયોના કરતૂતો ભાજપ દ્વારા જ કરાઈ રહ્યા હોવાનું માનીને ભાજપ સામે વધુ રોષમાં છે. તે સાથે પાટીદાર સમાજનો મહિલા સહિતનો સમજદાર વર્ગ હાર્દિકની આવી હરકતોથી આઘાતમાં પણ છે. હાર્દિકની તરફેણમાં ઓડીયો-વીડિયો કલીપ વાઈરલ થઈ રહી છે તેમાં ભાજપ સામે પેટભરીને આક્રોશ ઠલવાઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, પાટીદાર સંઘર્ષ સમિતિના નેતા અશ્વિન પટેલે હાર્દિક ચાર દિવસમાં પોતે નિર્દોષ છે તેવા પુરાવા નહીં આપે તો પાસના નેતાઓના કાંડ રજૂ કરી દેશે તેવી ચીમકી આપી છે. જેના કારણે હવે કથિત વીડિયો સંદર્ભે હાર્દિક સાથેની યુવતીને રજૂ કરાશે તેવી વાત વહેતી થવા પામી છે.

હાર્દિકે જણાવ્યું છે કે, બદનામીના ડરથી આંદોલન રોકાતા હોત તો દેશ આઝાદ ના થયો હોત. ફેસબૂક ઉપર ભાજપના અત્યાચાર સામે બદલો યુવાનોને બદલો લેવા આહ્વાન કર્યું હતું. સમાજ પોતાની સાથે છે તેમ કહેતા હાર્દિકે પૈસા, રાજદ્રોહના આરોપ અને નકલી સીડી બહાર પાડી તો પણ ના ઝૂકયો તો હવે કોઈ યુવતીને ઊભી કરીને ખોટા કેસ કરાવશે તો શું ઝૂકી જશે? તેવો સવાલ કરતા જનતા પોતાની સાથે છે તેમ કહ્યું હતું.

# હાર્દિક પટેલની કથિત સીડી મામલે આઈબીનો ચોંકાવનારો રીપોર્ટ

ગાંધીનગર, તા. ૧૬

હાર્દિક પટેલની કથિત સેક્સ સીડી જાહેર થયા બાદ ભાજપની છાવણી ગેલમાં આવી ગઈ હતી પણ ગુજરાત ઈન્ટેલિઝન્સના રિપોર્ટ બાદ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાની ઉંઘ હરામ થઈ ગઈ છે. ગુજરાત આઈબીએ આપેલા રિપોર્ટ પ્રમાણે હાર્દિકની સીડી જાહેર થયા બાદ પાટીદારોની સહાનુભુતી હાર્દિક સાથે વધી છે. અને પાટીદારનો બહુમતિ વર્ગ એવુ માની રહ્યુ છે કે આ સીડીકાંડ પાછળ ભાજપનો હાથ છે, જેના કારણે ભાજપના ચૂંટણી પરિણામ ઉપર અવળી અસર પડી શકે છે.

સામાન્ય રીતે સ્ટેટ આઈબી અધિકારીઓ ગુજરાત પોલીસનો જ હિસ્સો હોવાને કારણે રાજ્ય સરકારને પસંદ પડે તેવા રીપોર્ટ આપતી હોય છે. સામાન્ય રીતે પોતાના રિપોર્ટમાં કઈ પણ સ્પષ્ટ કહેતી નથી, નરોવા કુંજરોવા જેવો જ રીપોર્ટ હોય છે. પણ હવે રિપોર્ટ અને વાસ્તવિકતા વચ્ચે મોટુ અંતર પડવા લાગ્યુ છે તેના કારણે આઈબી અધિકારીઓ પણ રાજ્ય સરકારને પસંદ ના પડે તેવી કડવી વાતો પોતાના રિપોર્ટમાં કહી રહ્યા છે.

હાર્દિક પટેલ ભાજપમાંથી સરી હવે કોંગ્રેસી છાવણીમાં બેસી ગયો છે તે નક્કી થઈ ગયુ છે. હાર્દિકને મનાવવા અને ડરાવવાના અનેક પ્રયત્નોનું કોઈ પરિણામ આવ્યુ નહીં, તેના કારણે હાર્દિકને બદનામ કરી તેને મળી રહેલો સમાજનો ટેકો ખસી જાય તે માટે હાર્દિકની વ્યકિતગત જીંદગીની સીડી જાહેર કરી દીધી હતી. આ સીડી જાહેર થતાં ભાજપીઓ ગેલમાં આવી ગયા હતા અને હવે હાર્દિકનું પુરૂ થઈ ગયુ તેવુ તેઓ માનતા હતા, પણ હાર્દિકની પહેલી સીડી જાહેર થયા બાદ ભાજપની ઈચ્છા હતી તેવો આક્રોશ પ્રજામાં જોવા મળ્યો નહીં. તેના કારણે બીજા દિવસે બીજી સીડી પણ જાહેર કરી.

આમ હાર્દિકની બે બે સીડી જાહેર કર્યા પછી ભરૂચ ખાતે મળેલી સભામાં હાર્દિકને સાંભળવા માટે હજારો લોકો એકત્રીત થયા હતા. આ વાત ભાજપ સરકાર માટે ચિંતાનો વિષય હતી, જેના કારણે ભાજપ દ્વારા સીડી પ્રકરણમાં પ્રજાનું માનસ જાણવાનું કામ આઈબીને સોપ્યુ હતું. આઈબીએ પોતાની રિપોર્ટમાં જણાવ્યુ હતું સીડીકાંડને પાટીદાર અને અન્ય સમાજ ચૂંટણીલક્ષી એજન્ડા માની રહી છે જેના પરિણામ સ્વરૂપ હાર્દિક સામે નારાજગી જન્મી નથી, પણ આ કાંડમાં ભાજપનો હાથ છે તેવુ પ્રજા માની રહી છે. જેનું નુકશાન ભાજપને થવાની સંભાવના છે.

## હિંમતનગર બેઠક પરથી ચૂંટણી લડવાની ઠાકોર સેનાની માંગ

અલ્પેશ ઠાકોરે કોંગ્રેસને સમર્થન તો જાહેર કરી દીધુ છે, પણ હવે ઠાકોર સેનાના હોદ્દેદારોએ વિધાનસભાની ચૂંટણી લડવા માટે ટિકિટની માંગણી શરૂ કરી છે. આજે હિંમતનગરમાં ઠાકોર સેનાના કાર્યકરો એકઠા થયા અને હિંમતનગર બેઠક પરથી તેમને ચૂંટણી લડવાની માંગ કરી હતી.

સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્મા અને ઈડર બેઠક અનામત બેઠક છે. તો પ્રાંતિજ બેઠક પર?? મહેન્દ્રસિંહ બારૈયા રીપિટ થનાર છે. છેલ્લે બાકી રહેનાર હિંમતનગર બેઠક પરથી તેમને ટિકિટ મળે તેવી રજૂઆત અલ્પેશ ઠાકોરને અને કોંગ્રેસને કરવા અંગે આજે નિર્ણય લેવાયો હતો અને જો કોંગ્રેસ આમાં આનાકાની કરશે તો આગામી સમયમાં ઠાકોર સમાજ એકઠો થઈને આગળ અપક્ષ ચૂંટણી લડવી કે પછી બીજો કોઈ રસ્તો વિચારવો તે? નક્કી કરશે તેવી ચીમકી ઉચ્ચારી હતી. ટીકીટો જાહેર થયા બાદ કોંગ્રેસમાં કમઠાણ થાય તેવું હાલમાં લાગી રહ્યુ છે.

# 'જો કરના હૈ કર લીયા', હવે સાહેબ આવી રહ્યાં છે તેમના વિના ગુજરાત ભાજપનો ઉદ્ધાર નથી

## મેં હુ ના : ભાજપમાં માત્ર મોદી જ મોટા, બીજા નેતાઓ વામણા દર્શાવાયા

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના વિજયરથને એકમાત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ આગળ વધારી શકે તેમ છે તેવું ભાજપના પ્રદેશ નેતાઓને લાગ્યું છે, કારણ કે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ એકલા ગુજરાત ભાજપને વિજય અપાવી શકે તેમ નથી. ગુજરાતમાં વધતી જતી કોંગ્રેસની રફતારને અટકાવવા માટે ભાજપના પ્રદેશ નેતાઓ મોદીને જ માગી રહ્યાં છે. કોંગ્રેસની હાલની સ્થિતિ મજબૂત હોવાનું કારણ વિવિધ સમાજના ત્રણ યુવા નેતાઓ તેની સાથે છે.

રાજ્યમાં છેલ્લા ૨૨ વર્ષથી ભાજપની સરકાર છે પરંતુ ૨૦૦૧ પછી નરેન્દ્ર મોદીએ ગુજરાતની કમાન સંભાળ્યા પછી મોદીએ કોંગ્રેસની રહીસહી વોટબેન્ક ખતમ કરી નાંખી છે. ગુજરાતમાં આદિવાસીઓ ભાજપને મત આપતા ન હતા પરંતુ મોદીએ તેમના શાસન સમયની ત્રણ ચૂંટણીમાં આદિવાસી સહિત તમામ કોમ્યુનિટીના મતો કબજે કર્યા છે. ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીમાં એવું જ કહી શકાય કે મોદીના નામે ભાજપના પથરા પણ તરી ગયા હતા. મોદી જેની સામે આંગળી મૂકે તે ઉમેદવાર જીતી જતો હતો, પછી તે ભલે નવો નિશાળિયો જ કેમ નથી. તેમણે કોંગ્રેસના ખેરખાંઓને ઘરભેગા કરી દીધા હતા.

૨૦૧૨ની ચૂંટણીમાં કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ શક્તિસિંહ ગોહિલ, અર્જુન મોઢવાડિયા, સિદ્ધાર્થ પટેલ અને ભરતસિંહ સોલંકી વિધાનસભાની ચૂંટણી લડ્યા હતા પરંતુ તેઓ તમામને મોદીએ હરાવ્યા હતા. આ લોકો સામે ભાજપે જે ઉમેદવારો મૂક્યા હતા તે તમામ ચૂંટણી જીતી ગયા હતા. મોદીની ચૂંટણીમાં આ સફળતા છે. તેઓ જે ધારે છે તે કરી બતાવે છે. તેમનો ટારગેટ કોંગ્રેસના સિનિયર મોસ્ટ નેતાઓને હરાવવાનો હતો તે તેમણે હરાવ્યા હતા પરંતુ ૨૦૧૭ની ચૂંટણીમાં સ્થિતિ અગલ છે. ગુજરાતની ચૂંટણીમાં પહેલીવાર હાર્દિક પટેલ, જીજ્ઞેશ મેવાણી અને અલ્પેશ ઠાકોર કેન્દ્રસ્થાને આવી ગયા છે અને તેઓ ત્રણેય કોંગ્રેસની પડખે છે.

કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની જાહેર સભાઓ અને રોડ શો હિટ જતાં પ્રદેશ ભાજપમાં તેલ રેડાયું છે. રાહુલ ગાંધી જ્યાં ગયા ત્યાં તેમણે હિન્દુ મંદિરોની મુલાકાત લઈને દર્શન કર્યા છે. રાહુલના આ હિન્દુત્વથી ભાજપના પ્રદેશ નેતાઓને ભય લાગ્યો છે. આથી તેઓ રાહુલને કાઉન્ટર કરવા માટે નરેન્દ્ર મોદીનો આગ્રહ રાખે છે. ગુજરાતમાં મોદીના નામે ૨૦૧૭નો જુગાર ખેલવા ભાજપ તૈયાર થયું છે. ગુજરાત ભાજપના હાલના નેતાઓમાં એવી કોઈ તાકાત નથી કે તેઓ તેમની શક્તિથી જીતી શકે તેથી તેઓ પહેલાં નરેન્દ્ર મોદી અને પછી અમિત શાહનો આગ્રહ રાખે છે.

વિધાનસભાની આ ચૂંટણીમાં ભાજપ વિરૂદ્ધ કોંગ્રેસ નહીં પરંતુ મોદી વિરૂદ્ધ અન્ય લાગી રહ્યું છે કારણ કે ગુજરાતનું યુથ અત્યારે ભાજપ સાથે નથી. તે આંદોલનના માર્ગે છે અને કોંગ્રેસને સપોર્ટ કરી રહ્યું છે.




મોદી જ્યાં સુધી ગુજરાતમાં હતા ત્યાં સુધી યુથ અને મહિલાઓએ ભાજપને મત આપ્યા છે પરંતુ તેમના વિનાની આ પહેલી ચૂંટણીમાં યુથ ભાજપ સાથે નથી અને મહિલાઓમાં બે ભાગ પડી ચૂક્યાં છે. ભાજપે ચૂંટણી પ્રચારમાં બનાવેલી ફિલ્મો, એપ્સ, એડ બધાંમાં મોદીને જ કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યા છે. તેમાં સ્પષ્ટ લખ્યું છે કે- મોદી છે તો ગુજરાત સેફ છે...

ભાજપે વધુ એક સોશિયલ મિડીયા કેમ્પેઈન 'હું છું વિકાસ' સીરિઝનું લોન્ચ કર્યુ હતુ. જાણીતા ગુજરાતી ફિલ્મ અને રંગમંચ કલાકાર મનોજ જોશીએ આ વિડીયોમાં બુકસેલરનો રોલ નિભાવ્યો છે. જેમાં તેમણે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા છે. તેમજ જાતીગત રાજકારણ અને રાજ્યમાં જાત-પાતના ભેદભાવને વધારો કરવા માટે હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને જિગ્નેશ મેવાણી પર પણ પ્રહારો કરવામાં આવ્યા છે. આ વિડીયોમાં કોંગ્રેસની ભાગલા પાડો અને રાજ કરોની ખામ થીયરી અંગે પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આ એડ ફિલ્મમાં વડાપ્રધાન મોદીને એવા ગુજરાતી તરીકે ગણાવવામાં આવ્યા છે કે જેઓ ભારતને ફરી એકવાર દુનિયાના ઉત્તમ દેશ તરીકે સ્થાપિત કરશે. આ વિડીયો જાહેર થતા જ પાંચ લાખ જેટાલ લોકોએ તેને જોઈ લીધો છે. એક સોશિયલ મીડિયા એનાલિસ્ટે કહ્યું કે, 'વર્ષ ૨૦૦૨ બાદ પહેલીવાર મોદી વગર ગુજરાતમાં ચૂંટણી યોજાઈ રહી છે, ત્યારે સોશ્યલ મિડીયામાં મોદીનો પડછાયો જરૂર જોઈ શકાય છે. ગુજરાત ભાજપના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર મુકાયેલા ૪૪ વિડીયોનું જો એનાલિસિસ કરવામાં આવે તો મોટાભાગના મોદી અંગે વાત કરે છે.'

જ્યારે કોંગ્રેસ મુખ્યત્વે રાહુલ ગાંધી પર આધાર રાખી રહ્યું છે. રાહુલની આગેવાનીમાં રાજ્યમાં ચાર તબક્કામાં નવસર્જન યાત્રા કાઢી હતી. જેની ટેગલાઈન 'યુવા રોજગાર અને ખેડૂત અધિકાર' હતી. કોંગ્રેસના સોશ્યલ મિડીયા પેજ પર રાહુલ ગાંધી સિવાય બીજો એક જ ચહેરો જોવા મળે છે અને તે છે સામ પિત્રોડા કે જેમણે કોંગ્રેસનો મેનિફિસ્ટો તૈયાર કરવા માટે ઓનલાઈન અને ઓફલાઈન અનેક બેઠકો યોજી છે. જોકે બંને પક્ષોની સોશ્યલ મિડીયા સ્ટ્રેટેજીમાં કેટલોક ડિફરન્સ છે ભાજપ મોદી પર આધારીત પ્રમોશનલ વીડિયો બનાવી રહ્યુ છે તો કોંગ્રેસ એકલા રાહુલના ગુજરાત પ્રવાસના વિડીયોની ક્લિપ તૈયાર કરીને મુકી રહ્યું છે.

દિલ્હીમાં અને વિદેશ પ્રવાસમાં આટલી વ્યસ્તતા પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત આવી રહ્યાં છે. તેઓ સંખ્યાબંધ જાહેર સભાઓ, પાર્ટી મિટીંગ અને રોડ શો માં હાજરી આપશે. ખાસ કરીને રાહુલ ગાંધી જ્યાં ગયા છે ત્યાં મોદીનું સ્ટીમ રોલર ફરી વળશે તેવું પાર્ટીમાં ચર્ચાઈ રહ્યું છે. ભાજપનો મોદી વિના ઉદ્ધાર નથી તેવું મોદી ખુદ સમજે છે, કારણ કે રાજ્યમાં બીજી હરોળના નેતાઓ લિડરશીપ લેવા તૈયાર થયા જ નથી. આનંદીબહેન પટેલ હતા પરંતુ પાર્ટીએ તેમને નવરાં કરી દીધા છે. અમિત શાહને ગુજરાતમાં વધુ ટાઈમ મળતો નથી. પુરૂષોત્તમ રૂપાલા દિલ્હીમાં બંધાઈ ગયા છે અને કેશુભાઈ પટેલ પ્રવચન કરી શકે તેવી સ્થિતિમાં નથી. વિજય રૂપાણી તેમની સંગઠનની અદામાં આવી ગયા છે અને તેમાં જ તેઓ શોભી ઉઠે છે, સરકાર ચલાવવામાં તેઓ બહુ મૃદુ બની રહ્યાં છે તેથી તેમણે કરેલો વિકાસ અત્યારે ગુજરાતની જનતાને દેખાતો નથી.

## કોંગ્રેસે પણ ચૂંટણીમાં રાહુલ ગાંધી અને સામ પિત્રોડાની મદદ લીધી છે : ગુજરાતની વિધાનસભા ચૂંટણી ૨૦૧૭માં ત્રણ યુવા નેતાઓ કેન્દ્રસ્થાને છે

## વિધાનસભાની ચૂંટણીમાં પંચને ૫૫૦ કરોડનો ખર્ચ થશે

આગામી ૯ અને ૧૪ ડિસેમ્બરે બે તબક્કામાં યોજાઈ રહેલી વિધાનસભાની ચૂંટણી રૂ. ૫૫૦ કરોડમાં પડશે. ૧૮૨ વિધાનસભા સીટ માટે ચૂંટણી તંત્રને તમામ પ્રકારના ખર્ચના અંતે આંક ૫૫૦ કરોડ સુધી પહોંચી જશે. ગત વિધાનસભા ચૂંટણી-૨૦૧૨નો ચૂંટણી ખર્ચ ચૂંટણી પંચને રૂ.૧૭૫ કરોડ ફાળવવામાં આવ્યો હતો, જેમાં આ વર્ષે ૭૫ કરોડનો વધારો કરાયો છે. વિધાનસભા ચૂંટણી વર્ષ ૨૦૧૭ માટે ચૂંટણી પંચને રૂ.૨૫૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. ભાજપ દ્વારા વર્ષ ૨૦૧૨માં જાહેર કરાયેલા ચૂંટણીખર્ચમાં ૧૨૪ કરોડ તો કોંગ્રેસ પક્ષ દ્વારા ૭૨.૬૬ કરોડનો ખર્ચ થયો હોવાનું ચૂંટણી પંચને જણાવાયું હતું. વર્ષ ૨૦૧૨ની ચૂંટણીમાં ગુજરાત કોંગ્રેસે રૂ.૭૧.૫૩ કરોડનું દાન મેળવ્યું હતું.

ગત વર્ષ ચૂંટણી પંચને સોંપવામાં આવેલા હિસાબો અનુસાર ભાજપ પ્રદેશ એકમ પાસે રૂ.૧૭૦ કરોડનું વર્ષ ૨૦૧૧-૧૨માં બેલેન્સ હતું તેમાં ભાજપને ૫૩.૨૯ કરોડનું દાન મળ્યું હતું. આ સમયમાં પક્ષે રૂ.૧૨૪.૪૪ કરોડનો ખર્ચ કર્યો હતો અને ચૂંટણીના હિસાબો બંધ થવાના છેલ્લા દિવસે પક્ષ પાસે રૂ.૧૫૬.૬૦ કરોડનું બેલેન્સ હતું.